ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૯૨ ટકા

## રક્ષાબંધનની પૂર્વ સંધ્યાએ
# બજારોમાં રાખડી-મીઠાઈની ખરીદી માટે બહેનોની ભીડ



ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરના બજારોમાં રક્ષાબંધનની પૂર્વ સંધ્યાએ રાખડી અને મીઠાઈની ખરીદી માટે બહેનોની ભારે ભીડ જામી હતી. ભાઈ-બહેનના પ્રેમાળ સ્નેહના પર્વની ઉજવણીની ખરીદી માટે બહેનો પડાપડી કરી રહી હતી. જયારે શહેરના બજારમાં વિવિધ ફેન્સી અવનવી રાખડીઓના વેપારીઓને પણ છેલ્લી ઘડીની ખરીદીને પગલે બખ્ખા પડી ગયા હતા. જયારે રાખડી બાંધીને પોતાના વીરાને મો મીઠુ કરાવવા માટે પણ બહેનોએ મીઠાઈની દુકાનોમાંથી વિવિધ માવાની તેમજ ડ્રાયફ્રુટ સહિત ચોકલેટની ખરીદી કરી હતી. જયારે દબાણને પગલે નાના વેપારીઓએ પોતાના લારી-ગલ્લા બંધ રાખ્યા હતા. જે ગણતરીના કલાકો માટેના વેપાર માટે ખુલ્લા મુક્યા હતા. ગત્ વર્ષ કરતા રાખડીના ભાવમાં જીએસટીના પગલે ઘટાડો થવા પામ્યો છે. જયારે બજારમાં બહેનોને મનગમતી રાખડી રૂ.૧૦ થી રૂ.૫૦૦ સુધીની હાજર સ્ટોકમાં છે. તો બીજી તરફ નાના બાળકો માટે મોટું-પતલુ, પોકેમોન, ડોરેમોન, સ્પાઈડર મેન, મ્યુઝીકલ, લાઈટીંગ, સ્પીનરવાળી રાખડીઓ બહેનો માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી. બાળકોની કાર્ટુનવાળી રાખડીઓનો ભાવ પણ રૂ. ૩૦ થી લઈને રૂ.૧૫૦ સુધીનો હતો. પરંતુ ભાઈના હાથે રાખડી બાંધવા માટે થનગનતી બહેનોએ ભાવને બાજુએ રાખી પોતાને પસંદ પડેલી રાખડીઓની ખરીદી કરી હતી. બજારમાં રજવાડી, બનારસી, કલકત્તી, અમેરીકન ડાયમંડ તેમજ ફેન્સી રાખડીઓમાં વીરા, રજવાડી ગણપતિ, બ્રધર્સ, ઓમ, સ્વસ્તિકના આકારવાળી રાખડીઓ બહેનોને વધુ પસંદગી પામી હતી. જયારે ભાભી માટેની રાખડીઓનું પણ બજારમાં ધુમ વેચાણ થવા પામ્યું હતું. શહેરના સેકટર-૨૧, ૨૪, ૭, સહિતના બજારોમાં સાંજે બહેનોની ભારે ચહલ પહલ જોવા મળી હતી.જયારે રાખડીની સાથે સાથે બજારમાં મીઠાઈની દુકાનોમાં માવાની તેમજ ડ્રાયફ્રુટ સહિત ચોકલેટના ગીફ્ટ બોક્ષનું વેચાણ વધુ થવા પામ્યું હતું. બહેનોએ રૂ.૨૦૦ થી લઈને રૂ.૪૦૦ સુધીના બોક્ષની મીઠાઈની ખરીદી વધુ કરી હતી.

## બલરામ ભવન ખાતે ધ્યાન યોગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર ખાતે શ્રી આનંદ ટ્રસ્ટ દ્વારા સદ્ગુરુ શ્રી હરિના સાનિધ્યમાં તા. ૨-૯-૧૮ રવિવારને શીતળા સાતમના રોજ સેકટર-૧૨ બલરામ ભવન ઉમિયા માતાના મંદિર પાસે સવારે ૭ કલાક થી સાંજના ૪ વાગ્યા સુધી નિશુલ્ક ધ્યાન યોગ શિબિર યોજાશે. આ એક દિવસીય ધ્યાન યોગ શિબિરમાં જોડાવા ઈચ્છુક સાધકો, ભકતોએ તા. ૩૦ ઓગસ્ટને ગુરુવાર સુધીમાં ટ્રસ્ટ ખાતે તેમજ મો.૭૬૦૦૦૦૮૭૩૪ પર સંપર્ક કરવો. ધ્યાન યોગ શિબિરમાં સવારે ચા નાસ્તો તેમજ બપોરનું ભોજન આપવામાં આવશે.

## સે-૨માં બાળકોને ગરબાની તાલીમ વિના મુલ્યે અપાશે

શહેરના સેકટર-૨ સીમાં આવેલી ચાણક્ય પ્રી સ્કુલમાં બાળકો તેમજ માતાઓ માટે વિના મુલ્યે ગરબા તાલિમનું આયોજન કરવામાં આવ્યું છે. પ્લોટ નં. ૯૮૨-૧ ખાતે ચાલી રહેલી આ શાળામાં સાંજે ૬.૩૦ થી ૮ કલાક દરમિયાન શાળામાં અભ્યાસ કરતા બાળકો સહિત શહેરના ૨ થી ૮ વર્ષના ઉંમરના બાળકો અને તેમની માતાઓને ગરબાની અવનવી સ્ટાઈલ તજજ્ઞો દ્વારા શીખવાડવામાં આવશે. ગરબાની તાલિમનો પ્રારંભ તા. ૨૭ ઓગસ્ટથી થશે તેમજ આ ગરબા તાલિમમાં ભાગ લેવા ઈચ્છુક હોય તેઓએ શાળાનો સંપર્ક કરી રજીસ્ટ્રેશન કરાવવા જણાવાયું છે.



## દુર્ગાવાહિની દ્વારા રક્ષાબંધનનો કાર્યક્રમ યોજાયો

વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને દુર્ગાવાહિની દ્વારા રક્ષાબંધનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સેકટર-૨૧ અને સેકટર-૭ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ જવાનોને દુર્ગા વાહિનીની બહેનોએ રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા દુર્ગાવાહિનીના સરસ્વતી બેનની ટીમની બહેનો હાજર રહી હતી.

## @ગાંધીનગર

● શ્રી પ્રેરણા પ્રગતિ મંડળ સંચાલિત શ્રી લિમ્બચ માતાજી મંદિર સેકટર-૧૩ ખાતે સાંજે ૪થી ૮.૩૦ કલાક સુધી સાડીઓના હિંડોળાના દર્શન યોજાશે તેમજ મહાઆરતી સાંજે ૭.૧૫ કલાકે કરાશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સેકટર-૨૧ ખાતે રાખડીના હિંડોળા સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ દ્વારા પવિત્ર શ્રાવણ માસ દરમિયાન રાત્રે ૯ થી ૧૦ કલાક દરમિયાન શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના કેવલરામ જોષી બી-૧૦૧, દેવગ્રીન્સ ફ્લેટ પેથાપુર ખાતે યોજાશે.

## સ્વ. મુકેશને શ્રધ્ધાંજલિ અર્પતી ઓરકેસ્ટ્રા નાઈટ ‘તારોં મેં સજકે યોજાઈ’

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના સ્મિત મ્યુઝિક દ્વારા તાજેતરમાં સુપ્રસિધ્ધ હિન્દી ફિલ્મ પાર્શ્વ ગાયક સ્વ. મુકેશની ૪૨મી પુણ્યતિથી તથા મોહમ્મદ રફી અને કિશોરકુમારની સ્મરણાંજલિના ભાગરૂપે તા. ૧૮મી ઓગસ્ટના રોજ રાત્રે૯ કલાકે સેકટર-૧૨માં ડૉ. આંબેડકર હોલ ખાતે જુના નવા હિન્દી ફિલ્મી ગીતોની ઓરકેસ્ટ્રા નાઈટનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રેસ ફોટોગ્રાફર સ્વ. દોલતસિંહ સીંધાને અર્પણ કરવામાં આવેલો આ કાર્યક્રમ દર્શકો-શ્રોતાઓ માટે નિઃશુલ્ક યોજવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગરની મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા, યુવા અભિનેતા જનક ઠકકર ઉપરાંત મનીષભાઈ સંઘાણી, નિશિથ વ્યાસ, જગત કારાણી, મનોજ શુકલા સહિત શહેરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સ્મિત મ્યુઝિકના ગૃપ સંચાલક જયંતિ ગજ્જર અને ભરત ગજ્જર પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ચિરવિદાય

- સ્વ. મોતીબા કલુસિંહ વાઘેલા, ઉ.વ. ૮૬
- સ્વ. ઠાકોર મંગુબેન બાદરજી, ઉ.વ. ૬૦
- સ્વ. સોલંકી જશીબેન મણીલાલ, ઉ.વ. ૯૪
- સ્વ. ઠાકોર દાજીજી ગાંડાજી, ઉ.વ. ૬૦

# માર્ગ અકસ્માતથી ફંગોળાઈને પટકાયેલા સિક્યુરિટી ગાર્ડના માથા પરથી આઈસરનું ટાયર ફરી વળ્યું

### શેરથા ટોલટેક્સ નજીક સર્જાયો અકસ્માત : ગંભીર રીતે ઘવાયેલા સિક્યુરિટી ગાર્ડનું સ્થળ પર જ મૃત્યુ

ગાંધીનગર, તા. ૨૫

કલોલ શહેરમાં રહેતા અને ગાંધીનગર નજીક આવેલા ખોરજ કન્ટેનર ડેપોમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા એકસ આર્મીમેન સવારે તેમનું બાઈક લઈને ઓફીસ જવા નીકળ્યા હતા ત્યારે સેરથા ટોલટેક્સ પાસે તેમને અકસ્માત નડ્યો હતો અને તેમનું કમકમાટી ભર્યુ મૃત્યુ નિપજયું હતું. બાઈક પર જતા સિક્યુરિટી ગાર્ડને માર્ગ અકસ્માત નડ્યો અને તેઓ ફંગોળાઈને રસ્તા પર પટકાયા એટલામાં પાછળથી પસાર થતી આઈસર ટ્રક ટાયર તેના માથા પરથી ફરી વળતાં તેનું ઘટના સ્થળે જ મૃત્યુ નિપજ્યું હતું. આ ઘટના અંગે આઈસર ચાલક સામે ગુનો દાખલ કરીને ફરાર થઈ ગયેલા આઈસર ચાલકના વાહનનો નંબર મેળવવા અડાલજ પોલીસે ટોલટેક્સ પાસેના સીસીટીવી ફૂટેજ



મેળવવા કવાયત શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ કલોલ પુર્વ વિસ્તારમાં આવેલી આશાદીપ સોસાયટીમાં રહેતા રમેશભાઈ મૂળજીભાઈ પરમાર આર્મીમાંથી નિવૃત થયા બાદ અડાલજ નજીક આવેલા ખોરજ ખોડિયારમાં આઈસીડી કન્ટેનર ડેપોમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા હતા. સવારે સાત વાગ્યાના અરસામાં નોકરી જતી વખતે તેમના બાઈકને રસ્તામાં શેરથા ટોલટેક્સ નજીક અકસ્માત સર્જાયો હતો. મળતી વિગત મુજબ રમેશભાઈનું બાઈક અન્ય વાહનને અથડાયા બાદ કાબૂ ગુમાવતા રોડ પર ફંગોળાઈને તેઓ પટકાયા હતા. પાછળથી પસાર થતા અજાણ્યા આઈસરના ટાયર નીચે પટકાયેલા રમેશભાઈ ચકદાઈ ગયા હતા. આ અકસ્માતમાં તેમનું સ્થળ પર જ કરૂણ મૃત્યુ હતું. ઘટનાની જાણ પોલીસને થતાં પોલીસ મથકના પી.એસ.આઈ શેફાલી બુલાન તેમની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત સર્જીને ફરાર થઈ ગયેલા આઈસર ચાલક સુધી પહોંચવા સીસીટીવી ફૂટેજ મેળવવા કવાયત હાથ ધરી છે.

# સાઈ ગાંધીનગરના દિવ્યાંગ સ્વિમર્સના રાષ્ટ્રીય કક્ષાએ ચાર ગોલ્ડમેડલ





ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર ખાતેના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના બે યુવા પેરા સ્વિમર્સે તાજેતરમાં બેંગ્લોર ખાતે યોજાયેલ ઈન્ડિયન ઓપન પેરા સ્વિમીંગ ચેમ્પિયનશીપમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરતા ૪ ગોલ્ડ મેડલ જીત્યા છે. જેમાં માસ્ટર પ્રથમેશના ૩ ગોલ્ડ અને માસ્ટર આફિદના એક ગોલ્ડ મેડલનો સમાવેશ થાય છે.

બેંગ્લોર ખાતે યોજાયેલ ઈન્ડિયન ઓપન પેરા સ્વિમીંગ ચેમ્પિયનશીપમાં સાઈના દિવ્યાંગ ખેલાડી માસ્ટર પ્રથમેશે ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલ, ૪૦૦ મીટર ફ્રી સ્ટાઈલ તથા ૨૦૦ મીટર વ્યકિતગત મીડલે સ્વિમીંગમાં એમ કુલ ત્રણ ગોલ્ડ મેડલ જીતી સપાટો બોલાવી દીધો છે. જયારે આજ ટૂર્નામેન્ટમાં સાઈના અન્ય એક દિવ્યાંગ સ્વિમર માસ્ટર આફિદે ૧૦૦ મીટર બટરફલાયમાં ગોલ્ડ મેડલ જીતી લેતા ગાંધીનગર ખાતેના સાઈના કુલ ચાર ગોલ્ડ મેડલ થવા પામ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે બંને ખેલાડીઓને કોચ રીના દાસ દ્વારા તાલીમ આપવામાં આવી રહી છે.



ગાંધીનગર ચાઈલ્ડ હેલ્પલાઈન ૧૦૯૮ દ્વારા ગાંધીનગર સેક્ટર-૧૬ ખાતે આવેલ અંધ છાત્રાલયના ૪૦ દિવ્યાંગ બાળકોને રાખડી બાંધીને રક્ષાબંધન તહેવારનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું તથા મીઠાઈ ખવડાવીને રક્ષાબંધન તહેવારની ઉજવણી કરવામાં આવી હતી.



સેક્ટર-૫-એ ખાતે આવેલા પંચમુખી મહાદેવ મંદિરે રાધા કૃષ્ણ મંડળ દ્વારા અલગ અલગ વસ્તુના હિંડોળા બનાવી ભક્તિ ભાવ પૂર્વક ઉજવણી મંદિરમાં કરવામાં આવે છે. રક્ષાબંધનના પવિત્ર પર્વ પ્રસંગે રાખડીના હિંડોળા બનાવવામાં આવેલા છે. આયોજક નિરૂબેન નાયક અને મંડળના સભ્યોએ ઉત્સાહ પૂર્વક હિંડોળામાં ભાગ લીધો હતો તેમજ આ રાખડી હિંડોળાના વસાહતી ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં દર્શનનો લાભ લીધો હતો.

# બંધન : ભાઈ-બહેન વચ્ચેના ભેદભાવની ઝંઝીરો તોડતી નવી શોર્ટ ફિલ્મ

### યુવા સર્જક રાજન ત્રિવેદી અને વિનય મિસ્ત્રી દ્વારા નિર્મિત શોર્ટ ફિલ્મ ‘બંધન’ રક્ષાબંધનના દિવસે યુ ટયુબ પર રિલીઝ કરાશે

ગાંધીનગર, તા.૨૫

ભાઈ-બહેનના હેતનું પર્વ એટલે રક્ષાબંધન. એક તરફ ભાઈના હાથે રાખડી બાંધી તેના સુખ અને કલ્યાણની બહેન કામના કરે છે ત્યારે બીજી તરફ ભાઈ બહેનની સુરક્ષા સાથે ડગલને પગલે તેની પડખે ઉભા રહેવાની કટિબધ્ધતા વ્યકત કરે છે. જો કે આજે પણ સમાજમાં હજુ એવા પરીવારો જોવા મળે છે જેમાં દિકરા-દિકરી વચ્ચે ભેદભાવ કરવામાં આવે છે અને દિકરાને જેટલી સ્વતંત્રતા આપવામાં આવે છે તેટલી દિકરીને મળતી નથી. પોતાના ભાઈને પરીવારમાં મળતા આ વધારાના મહત્વને કારણે બહેન મનોમન વલોવાય છે અને તેને પોતાની પ્રતિભા નિખારવાની તક મળતી નથી. હવે આજની નવી પેઢી આ પ્રકારના ભેદભાવ સ્વીકારતી નથી અને હવે ભાઈ પણ બહેનને પોતાના જેટલી જ સ્વતંત્રતા મળવી જોઈએ તેવી હિમાયત ગાંધીનગરના યુવા સર્જક રાજન ત્રિવેદી નિર્મિત શોર્ટ ફિલ્મ ‘બંધન’માં વ્યકત થાય છે.

સામજિક જાગૃતિના સંદેશા સાથેની શોર્ટ ફિલ્મો બનાવતા યોર વે પ્રોડકશનના નેજા હેળ ફરી એકવાર નિર્માતા રાજન ત્રિવેદી રક્ષાબંધનના પવિત્ર પ્રવે વિનય મિસ્ત્રી લિખિત અને દિગ્દર્શિત શોર્ટ ફિલ્મ ‘બંધન’ યુ ટયુબ પર રિલીઝ કરવા જઈ રહ્યા છે. આ ફિલ્મમાં ગાંધીનગરના યુવા




કલાકારો વિવેકા પટેલ, ચિંતન સુથાર અને સમીર રામીએ અભિનય આપ્યો છે અને ફિલ્મનું સંગીત કિશન પટેલ દ્વારા આપવામાં આવ્યું છે. ‘બંધન’ એ આજના ભારતમાં ‘દિકરા-દિકરી એક સમાન’નો સંદેશ આપતી શોર્ટ ફિલ્મ છે જેમાં રૂઢિચુસ્ત બાપ દ્વારા દિકરી પર લાદવામાં આવેલા નિંયત્રણોને તેમનો દિકરો જ એટલે કે બહેનનો ભાઈ દૂર કરી પોતાની બહેનને પુરતી સ્વતંત્રતા બક્ષવામાં મદદરૂપ થાય છે તેવી વાર્તા વણી લેવાઈ છે. આ ફિલ્મ રક્ષાબંધનના દિવસે યુ ટયુબ પર રિલીઝ થઈ રહી છે. ફિલ્મનું કેમેરા તથા એડીટીંગ વર્ક લેયર સિને વેડિંગના નદીમ શેખ દ્વારા કરવામાં આવ્યું છે. અને ફિલ્મનું શુટીંગ પેથાપુરમાં યુવરાજસિંહ વાઘેલાના નિવાસસ્થાને કરાયું છે. ફિલ્મને ગાંધીનગરની જાણીતી સ્વીટ બ્રાન્ડ ‘રાધે’ દ્વારા સ્પોન્સર કરવામાં આવી છે. આ ફિલ્મ થકી ફરી એકવાર ગાંધીનગરના યુવા સર્જકોએ સમાજને નવી રાહ ચીંધવા પ્રયાસ કર્યો છે.

# ‘અભયમ્’ મહિલા સંમેલન ૨૮મી ઓગષ્ટે યોજાશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મહિલાઓના સર્વાંગી વિકાસ અને મહિલા સુરક્ષાના ઉદેશ્યને અનુલક્ષીને ‘અભયમ્ મહિલા સંમેલન’ નું આયોજન કરવામાં આવ્યું છે. અભયમ્ મહિલા સંમેલનનો કાર્યક્રમ તા. ૨૮મી ઓગષ્ટ, ૨૦૧૮ના રોજ સવારના ૧૦.૦૦ કલાકે ટાઉન હોલ, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે યોજાશે.

આ કાર્યક્રમના સુચારું આયોજન અર્થે નિવાસી અધિક કલેકટર એચ.એમ.જાડેજાના અધ્યક્ષ સ્થાને બેઠક મળી હતી. આ કાર્યક્રમ થકી મહિલાઓને હિંસા, છેડતી, હેરાનગતિ જેવી મુસીબતમાં ત્વરિત સહારો અને સુરક્ષા મેળવવા મોબાઈલ એપ દ્વારા ૧૮૧ હેલ્પલાઈનનો સંપર્ક કરવાથી રેસ્ક્યુ વાન કે પોલીસની ટીમ મદદે કેવી રીતે આવે છે, જેવી વિવિધ માહિતી આપવામાં આવશે. આ કાર્યક્રમ થકી મહિલાઓને રાજય અને કેન્દ્ર સરકારની જુદી જુદી સુરક્ષા લક્ષી યોજનાઓ, કાર્યક્રમો, મહિલા લક્ષી નીતિ વિષયક સુધારા વગેરેની માહિતી પણ ભાગ લેનાર મહિલાઓને આપવામાં આવશે.

ગાંધીનગર ખાતે યોજાનાર અભયમ્ મહિલા સંમેલનમાં મુખ્ય મહેમાન પદે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ-જેડાના ચેરમેન ઈશ્વરભાઈ ભાવસાર અને ગુજરાત રાજય બિન અનામત વર્ગ શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના ઉપાધ્યક્ષ વિમલ દિનેશચંદ્ર ઉપાધ્યાય ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ, ગાંધીનગરના ધારાસભ્ય શંભુજી ઠાકોર, કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોર, ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, માણસાના ધારાસભ્ય સુરેશભાઈ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ મંગુબેન ચૌધરી વિશેષ ઉપસ્થિતિ રહેશે.



પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, ગાંધીનગર તરફથી સેકટર-૨૮, ગાંધીનગર સંચાલિકા આદરણિય કૈલાશદીદીજીની અધ્યક્ષતામાં, બી.એસ.એફ.કેમ્પસ, ચિલોડા, ગાંધીનગર ખાતે ઓફિસર્સ તથા જવાનોને રક્ષાબંધનનું આધાત્મિક રહસ્ય સ્પષ્ટ કરી, આત્મસ્મૃતિનું તિલક કરી રક્ષાબંધન કરવામાં આવેલ. અને મુખ મીઠુ કરવામાં આવેલ. ગૃપ ફોટામાં બી.એસ.એફ.ના જવાનો, ચિલોડા સેવાકેન્દ્ર સંચાલિકા બી.કે.તારાબેન તથા બી.કે.અંબિકાબેન, સેકટર-૨૮ સેવાકેન્દ્રના બી.કે.રાનીબેન, બી.કે.મનીષાબેન, સેકટર-૩૦,ગાંધીનગર સેવાકેન્દ્ર સંચાલિકા બી.કે.કૃપલબેન, સરગાસણ સેવાકેન્દ્ર સંચાલિકા બી.કે.મેઘાબેન અને સરઢવ સેવાકેન્દ્ર સંચાલિકા બી.કે.હિરાબેન દશ્યમાન થાય છે.